# આપનું સપ્તાહ કેવું જશે?

તા.૦૨/૦૩/૨૦૨૬ થી તા.૦૮/૦૩/૨૦૨૬ સુધી

લેખક: જ્યોતિષાચાર્ય હંસરાજ મો. નં.: 9825726442
E-mail : bharatjyotish03@yahoo.co.in



**મેષ (અ,લ,ઈ):-** ચાલુ વીકમાં ઘર અને કામની સમસ્યાનો સામનો કરવો પડશે. આર્થિક નિર્ણયમાં ઉતાવળ કરવી નહીં. વિદ્યાર્થીઓને નવી રીત અને ટેકનોલોજીનો સાથ લેવો પડશે. પ્રેમમાં અસંતોષ વધશે. નવા આર્થિક રોકાણમાં યોગ્ય માર્ગદર્શન લેવું. સંતાનોમાં કામની ચિંતા સતાવશે. નોકરીમાં નવી તક અને જવાબદારીથી પ્રભાવ વધશે. ઉંમરલાયકના વિવાહ થાય. રોજની આવક વધે.



**વૃષભ (બ,વ,ઉ):-** સપ્તાહ નવી તકો ઊભી કરનાર રહેશે. ઘર અને નોકરી ધંધાનાં અટકેલાં કામ પાર પડશે. વિદ્યાર્થીઓને મહેનતનું ફળ મળે. ટેકનોલોજી, દલાલી, પ્રવાસ, રીયલ એસ્ટેટ, જમીન બાંધકામ વગેરેના ધંધામાં અચાનક સફળતા મળી શકે છે. સંતાન અને જીવનસાથીનાં કામ પાર પડે. પ્રેમમાં વિશ્વાસ વધે. લાગણીઓ પર કાબૂ રાખવો. સરકારી નોકરિયાતને તક મળે. લેવડદેવડમાં ધીરજ.



**મિથુન (ક,છ,ઘ):-** ચાલુ વીકમાં કોઈ નામ કે બોનસ મળી શકે છે. વિદ્યાર્થીઓને તક મળે. ખાણી-પીણીના ધંધામાં લાભ થાય. પરિવાર, મિત્રો સાથે મનોરંજન પાર્ટી થાય. અટકેલાં કામમાં ગતિ આવે. વિવાદ ટાળવો. નવાં ઘર, વાહન, મકાન, મિલકત, વારસાનાં કામમાં વડીલોની મદદ મળે. નોકરી ધંધાર્થે પ્રવાસમાં અનુકૂળતા રહે. પ્રેમ વિવાહની ઓફર આવી શકે છે. આવક વધશે.



**કર્ક (ડ,હ):-** સપ્તાહમાં સામાજિક પ્રતિષ્ઠા વધે. જવાબદારી વધે. દાંપત્યમાં તાલમેળ રહે. નોકરી-ધંધાર્થે પ્રવાસ થાય. ઉઘરાણી આવી શકે છે. આર્થિક બાબતે યોગ્ય નિર્ણય લેવાનું બનશે. નવાં લોકોનો સાથ મળે. લાગણીઓ પર કાબૂ રાખવો. નવા મિત્રો સાથે સાવધાની રાખવી. નોકરી ધંધાનાં કામમાં પ્રગતિ થાય. નવાં ઘર, વાહનની યોજના પાર પડે. બહારનાં કામમાં મદદ મળે.




**સિંહ (મ,ટ):-** ચાલુ વીકમાં અચાનક તક મળે પણ આળસના કારણે લાભ રહી જાય. માનસિક અશાંતિ વધશે. આરોગ્યના ખર્ચા વધે. વિદેશ પ્રવાસનાં કામ થાય. સમાજમાં યશ મળે. આવક વધારવાની તક મળે. મિત્રો પરિવારની મદદથી નવાં કામ થાય. ઉઘરાણી આવી શકે છે. વિદ્યાર્થીઓને પરીક્ષામાં સફળતા મળે. ટેકનોલોજીને લગતા કામમાં પ્રગતિ થાય.




**કન્યા (પ,ઠ,ણ):-** સપ્તાહ વિદ્યાર્થીઓ માટે અનુકૂળ રહેશે. પ્રેમમાં સાથ મળે. શેર બજારમાં તક મળે. નોકરીમાં નવી જવાબદારીથી કામનો બોજ વધશે. બહારનાં કામની દોડ-ધામ આરોગ્ય પર જોવા મળે. ખાવા પીવામાં સાવધાની રાખવી. ઘરમાં પરિવારનાં સભ્યો સાથે તાલમેળ ઓછો રહે. નોકરીમાં સહકર્મીઓનો સાથ રહે. નવી નોકરીની તક ઊભી થાય. ઉંમરલાયકના વિવાહ થાય. ઉઘરાણી આવી શકે છે.



**તુલા (ર,ત):-** ચાલુ વીકમાં અચાનક ઈચ્છિત સફળતા મળી શકે છે. વેપાર-ધંધામાં મહત્ત્વના સોદા પાર પડે. મિલકતનો સોદો થાય. ધંધામાં નવી શરૂઆત અને નોકરીમાં પ્રમોશન કે પગારવધારાનો લાભ મળે. વિદ્યાર્થીઓને ઈચ્છિત પરિણામ મળે. મિત્રો સાથે સમાજસેવા થાય. શેરબજારમાં લાભ થાય. વિદેશના કામમાં પ્રગતિ થાય. જીવનમાં અચાનક સામાજિક પરિવર્તનથી ઉત્સાહનો અનુભવ થાય.



**વૃશ્ચિક (ન,ય):-** ચાલુ વીકમાં તમારા નિર્ણયો મહત્ત્વના પુરવાર થશે. ખાસ કરીને આર્થિક નિર્ણય લાભકર્તા રહેશે. વિદેશમાં વિદ્યાભ્યાસના કામમાં મદદ મળે. વિદ્યાર્થીઓને પરીક્ષામાં મદદ મળે. નોકરી-ધંધા વગેરેમાં વડીલો ઉપરીવર્ગની સલાહથી લાભ થાય. નવા વેપારના સોદા પાર પડે. સરકારી કામમાં વિઘ્નો આવે. ઉચ્ચ શિક્ષણમાં પ્રગતિ થાય. પ્રેમમાં સાથ મળે.




**ધન (ભ,ધ,ફ,ઢ):-** ચાલુ વીકમાં આર્થિક બાબતે ઉતાવળ કરવી નહીં. તમારી બુદ્ધિશક્તિ અને વહીવટી કુશળતા કાર્ય સફળ બનાવશે. પરિવારનો સાથ મળે. ગુપ્ત શત્રુ, ચોર-લૂંટારુથી સાવધાન, સરકારી યોજનાનો લાભ મળે. વિદેશથી શુભ સમાચાર મળે. વિદ્યાર્થીઓને ભાગ્યનો સાથ મળે. જીવનસાથી સાથે ધાર્મિક પ્રવાસ થાય. પ્રેમમાં સહકાર મળે. આવક વધે.



**મકર (ખ,જ):-** સપ્તાહ કૌટુંબિક સમસ્યાના સમાધાન માટે અનુકૂળ રહેશે. જૂનાં રોકાણ અને કરેલી મહેનતનું ફળ જોવા મળે. આરોગ્યનું ધ્યાન રાખવું. પડવા-વાગવાથી સાવધાન રહેવું. ઉચ્ચ શિક્ષણમાં સફળતા મળે. ધાર્મિક સાહિત્ય, પ્રવાસને લગતાં કામ થાય. નોકરી-ધંધામાં નવા ફેરફારથી લાભ થાય. અચાનક ઉચ્ચ કક્ષાનાં લોકોની મદદથી લાભ થાય.



**કુંભ (ગ,સ,શ,ષ):-** ચાલુ વીકમાં કેરિયરમાં મહત્ત્વના ફેરફારથી નવી તક ઊભી થાય. સરકારી નોકરીની યોજનામાં પ્રગતિ થાય. ઉપરી વર્ગનો સાથ મળે. સમાજ, પરિવારમાં હકારાત્મક જવાબ અને સહકારથી ઉત્સાહ વધે. ઉંમરલાયકના વિવાહ થાય. નવી નોકરીની યોજના પાર પડે. આવક વધારવાની તક મળે. નવા રોકાણમાં ધીરજ રાખવી. ઉધાર લેવા દેવાનું ટાળવું. કોર્ટ-કચેરીમાં સાવધાન રહેવું.



**મીન (દ,ચ,ઝ,થ):-** સપ્તાહ અટકેલાં કામમાં ગતિ આપનાર, સંતાન, જીવનસાથીની સમસ્યાનું સમાધાન અને શેરબજારમાં લાભવાળું રહેશે. નવા આર્થિક રોકાણમાં કોઈની વાતોમાં આવવું નહીં. પ્રેમમાં સજા મળે. વિદ્યાભ્યાસમાં પ્રગતિ થાય. નવી નોકરી મળે. સરકારી કામમાં વિલંબ થાય. આરોગ્ય સુધરે. પરિવારમાં ઉત્સવ જેવું રહે. ઉંમરલાયકના વિવાહ થાય. વિદેશથી શુભ સમાચાર.

# અમદાવાદથી માત્ર 2 કલાકમાં મુંબઇ પહોંચી જવાશે

## ગુજરાતમાં રેલવે પ્રોજેક્ટ માટે રૂ.17,366 કરોડનું રેકોર્ડ બજેટ: રેલ મંત્રી

ગાંધીનગર: ગાંધીનગર સ્થિત મહાત્મા મંદિર ખાતે યોજાયેલી ગુજરાત સેમીકનેક્ટ કોન્ફ્રન્સ 2026ના શુભારંભ બાદ પત્રકારો સાથે વાતચીત કરતા કેન્દ્રીય આઈટી, માહિતી પ્રસારણ અને રેલવે મંત્રી અશ્વિની વૈષ્ણવએ જણાવ્યું હતું કે વર્ષ 2026-27 માટે ગુજરાતને રૂ. 17,366 કરોડનું રેકોર્ડબ્રેક બજેટ ફાળવવામાં આવ્યું છે. હાલ રાજ્યમાં કુલ રૂ. 1.28 લાખ કરોડના રેલવે પ્રોજેક્ટ્સ પર કામગીરી ચાલી રહી છે, જે વિકાસના વ્યાપક દિશાસૂચક છે. ગુજરાતના 87 રેલવે સ્ટેશનને અમૃત ભારત સ્ટેશન યોજના હેઠળ વિશ્વકક્ષાના ધોરણ મુજબ વિકસાવવા પસંદ કરવામાં આવ્યા છે. અત્યાર સુધી 21 સ્ટેશનોનું કામ પૂર્ણ થયું છે. અમદાવાદ, સાબરમતી, સુરત, ઉના અને સોમનાથ જેવા મહત્ત્વના સ્ટેશનોના પુનર્વિકાસનું કામ ઝડપી ગતિએ આગળ વધી રહ્યું છે. ખાસ કરીને અમદાવાદ રેલવે સ્ટેશનના આધુનિકીકરણ બાદ મુસાફરોને આંતરરાષ્ટ્રીય કક્ષાની સુવિધાઓ મળશે.

તેમણે જણાવ્યું હતું કે ભારતનો પ્રથમ હાઈ-સ્પીડ રેલ પ્રોજેક્ટ નેશનલ હાઈ સ્પીડ રેલ કોર્પોરેશન લિમિટેડ દ્વારા અમલમાં મૂકાતો મુંબઈ-અમદાવાદ હાઈ સ્પીડ રેલ કોરિડોર ઝડપથી આગળ વધી રહ્યો છે. અશ્વિની વૈષ્ણવે જણાવ્યું હતું કે આગામી વર્ષે બુલેટ ટ્રેન સેવા શરૂ કરવાની દિશામાં કામગીરી તેજ ગતિએ ચાલી રહી છે અને સમયમર્યાદામાં પ્રોજેક્ટ પૂર્ણ કરવા માટે તમામ તબક્કે સુવ્યવસ્થિત આયોજન કરવામાં આવ્યું છે. પ્રોજેક્ટ પૂર્ણ થયા બાદ અમદાવાદથી મુંબઈ વચ્ચે 350 કિલોમીટર પ્રતિ કલાકની ગતિએ મુસાફરી માત્ર આશરે 1 કલાક 57 મિનિટમાં પૂર્ણ થશે, જે હાલની મુસાફરી સમયની તુલનામાં ઐતિહાસિક ઘટાડો ગણાશે. પ્રધાનમંત્રીએ બુલેટ ટ્રેન માટે 7 નવા રૂટને પણ મંજૂરી આપી છે, જેના કારણે ભવિષ્યમાં દેશના અન્ય મહત્વના શહેરોને હાઈ-સ્પીડ કનેક્ટિવિટીથી જોડવામાં આવશે.

### ચીપથી ચેમ્પિયન બનવા ગુજરાતની દોડ : મુખ્યમંત્રી

ગાંધીનગર : ગાંધીનગર સ્થિત મહાત્મા મંદિર ખાતે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની અધ્યક્ષતામાં 'ગુજરાત સેમિકનેક્ટ કોન્ફરન્સ 2026'નો પ્રારંભ થયો હતો.મુખ્યમંત્રીએ જણાવ્યું હતું કે ગુજરાત નીતિ સ્થિરતા, પારદર્શિતા, વ્યવસાય સુલભતા અને વિકાસ માટેની રાજકીય ઇચ્છાશક્તિ સાથે સેમિકન્ડક્ટર અને ચિપ ઉત્પાદન ક્ષેત્રે ઝડપી આગળ વધી રહ્યું છે. દેશના ગ્રોથ એન્જિન ગણાતા ગુજરાતને હવે ટેક એન્જિન બનાવવાનો સ્પષ્ટ સંકેત આ કોન્ફરન્સમાં આપવામાં આવ્યો હતો.

# સિંહ રાશિમાં ખગ્રાસ ચંદ્રગ્રહણ

ચાલુ વર્ષનું પ્રથમ ખગ્રાસ ચંદ્રગ્રહણ તા. 03-03-2026 મંગળવારે ભારતીય સમયાનુસાર બપોરે 14:14 પ્રારંભ અને સાંજ 19:53 કલાકે મોક્ષ થશે. આમ કુલ પાંચ કલાક 39 મિનિટ રહેશે. દુનિયાના વિવિધ દેશ અને ભાગોની સાથે ભારતમાં આ ચંદ્રગ્રહણ ત્રણ સ્વરૂપે જોવા મળશે. ખગ્રાસ સ્વરૂપે, ખંડગ્રાસ સ્વરૂપે અને માંધ ગ્રહણસ્વરૂપે. જ્યાં ખગ્રાસ અને ખંડગ્રાસ સ્વરૂપે ગ્રહણ દેખાશે ત્યાં દોષના વેધાદિ નિયમોનું પાલન કરવાનું રહેશે અને જ્યાં માંધ સ્વરૂપે દેખાશે ત્યાં નિયમોનું પાલન કરવાનું રહેશે નહીં. આપણા ગુજરાતમાં ખંડગ્રાસ સ્વરૂપે દેખાશે માટે નિયમોનું પાલન કરવાનું રહેશે. શાસ્ત્રો પ્રમાણે ચંદ્રગ્રહણનું સૂતક ગ્રહણ શરૂ થવાના નવ કલાક પહેલાં શરૂ થતું હોય છે. એ પ્રમાણે તા. 03-03-2026ની વહેલી સવારે 05:14 કલાકથી સૂતકની શરૂઆત થશે અને મોક્ષ એટલે કે સાંજે 19:53 સુધી વેધાદિ નિયમો પાળવાના રહેશે. સૂતકકાળ 06:14 થી 19:53 સુધી રહેશે. સૂતક કાળ સમયને અશુદ્ધ માનવામાં આવે છે. માટે આ સમય શું ન કરવું જોઈએ.

નાનાં બાળકો, વૃધ્ધો અને બિમાર લોકો સિવાયનાંએ ભોજન ન લેવું. મૂર્તિને સ્પર્શ કરવો નહીં. ઘરના મંદિરને પણ પડદાથી ઢાંકીને રાખવું. ધારદાર વસ્તુ-ચાકુ, કાતર, સોય વગેરેનો ઉપયોગ ખાસ કરીને ગર્ભવતી મહિલાઓએ ન કરવો. કોઈની સાથે વિવાદ, ક્રોધ, બુરાઈ વગેરે નકારાત્મક વિચારોથી બચવું. કારણકે માનસિક ઊર્જા આ વખતે ખૂબ જ સંવેદનશીલ હોય છે.

- ગ્રહણ દરમિયાન શું કરવું- ગ્રહણનો નકારાત્મક પ્રભાવ દૂર કરવા દૂધ, દહીં, પાણી, સંઘરેલો ખોરાક વગેરેમાં ગ્રહણ પહેલાં દર્ભ-કુશ, તુલસીનું પાન રાખવાથી દૂષિત નહીં થાય. આ સમય મંત્રસિધ્ધિ માટે ઉત્તમ માનવામાં આવે છે માટે પોતાની કુંડળીમાં રહેલા અનુકૂળ દેવતાના મંત્ર કરવા. ગ્રહણ બાદ સ્નાન ઠંડા પાણીથી કરવું અને ઘરમાં ગંગાજળ છાંટવું. પોતાની શક્તિ પ્રમાણે યોગ્ય જગ્યાએ દાન કરવું.

રાશિ અનુસાર ખગ્રાસ ચંદ્રની અસર- મેષને સંતાન ચિંતા વધે. વિદ્યાર્થીઓએ સાવધાન રહેવું પડશે. શેર, સટ્ટાથી સાવધાન, વૃષભઃ પડવા વાગવાથી સંભાળવું. માતા-પિતાને કષ્ટ થાય. મિથુનઃ અચાનક સફળતા મળે. ઉઘરાણી કે અન્ય રીતે ધનલાભ થાય. કર્કઃ ઘરમાં અશાંતિ અને આર્થિક ભીંસ વધે. રોકાણ કરવામાં ધીરજ રાખવી. સિંહઃ વિશ્વાસઘાત થઈ શકે, અકસ્માતથી નુકસાન થઈ શકે છે. કન્યાઃ પડવા-વાગવા, આગ, અકસ્માત અને ધનહાનિથી સંભાળવું. તુલાઃ અચાનક લાભ, અટકેલાં કામ થાય. વિદ્યાભ્યાસમાં પ્રગતિ થાય. મિત્રોનો સાથ.

વૃશ્ચિકઃ નોકરી-ધંધામાં વિઘ્નો આવે છતાં અચાનક સફળતા મળશે. ધનઃ- પોતાનાં સ્વજનો કે મિત્રો, ઉપરીવર્ગ, વડીલો સાથે વિવાદથી અપમાનનો સામનો કરવો પડે. ધાર્મિક કામમાં શાંતિ મળે. જપ-તપ કરવાં. મકરઃ આગ, અકસ્માત, વિશ્વાસઘાત કે જૂની બિમારીથી પીડા વધશે. માનસિક અને શારીરિક બાબતે ધીરજ રાખવી. કુંભઃ જીવનસાથી, ભાગીદાર, કુટુંબ, સમાજ વગેરેના પ્રશ્નો પરેશાની વધારે. જીવનસાથીને કષ્ટ થઈ શકે છે. મીનઃ આત્મવિશ્વાસ વધશે. હાથ પરનાં કામ પાર પડે. શત્રુઓ પર વિજય મળે.

પંદર દિવસની અંદર બે ગ્રહણ અને હોળીની પૂર્વ સંધ્યાએ કુંભ રાશિમાં કુલ પાંચ ગ્રહોનો યોગ શુભ સંકેત સમાન ન ગણાય. સામાન્ય રીતે સૂર્ય-ચંદ્ર ગ્રહણની અસર કુદરતી આફત સ્વરૂપે વિનાશ લાવતાં હોય છે અને જ્યાં દેખાય ત્યાં શાસનકર્તા માટે મુસીબત ચોક્કસ પેદા કરે છે. સૂર્ય અને ચંદ્રગ્રહણ જે રાશિમાં થતું હોય તે રાશિ સૌથી વધુ પ્રભાવિત થાય છે અને એ રાશિનાં શાસકો, ભૂમિખંડ, દેશ અને જ્યાં દેખાય તે દિશાનાં રાષ્ટ્રો પર નકારાત્મક અસર જોવા મળે છે. માનવસમૂહના વિચારોમાં એક જાતનો ઉન્માદ જોવા મળે છે અને અરાજકતા પેદા થાય છે. ચંદ્રગ્રહણ મોટા ભાગે સ્ત્રી વર્ગ, બાળકોને અસર કરે છે. અચાનક મહામારી, સ્ત્રીઓ અને બાળકો પર અત્યાચાર વધી જાય છે તેમજ સ્ત્રીજન્ય રોગોનો ઉપદ્રવ વધે છે. ચંદ્રગ્રહણ દરમિયાન ચંદ્ર અને કેતુ બંને સિંહ રાશિમાં પૂર્વા ફાલગુની નક્ષત્રમાં 'ચિત્તવિક્ષેપ યોગ'' કરે છે. માટે જ્યાં દેખાશે ત્યાંની પ્રજા અને શાસનકર્તાની માનસિક સ્થિતિ ડામાડોળ રહેશે. અસ્થિરતા અને ભાવનાત્મક ચડાવ-ઉતારના કારણે હિંસા વધશે. અકસ્માતો વધશે. આધ્યાત્મિક ભ્રમના કારણે ધાર્મિક ઉન્માદ જોવા મળશે અને ખાસ તો સૂર્ય-મંગળ અને રાહુ જે સત્તા અને યુધ્ધના દેવ છે જે ચંદ્ર અને કેતુ જેવા ગ્રહોના કારણે ભ્રમ પેદા કરશે અને યુધ્ધને ભડકાવશે. માટે 23-2-2026 થી 02-04-2026 દરમિયાન આવેલ સૂર્ય ચંદ્રગ્રહણ અને સૂર્ય-મંગળ રાહુના યોગે યુધ્ધનું વાતાવરણ પેદા કરી દીધું છે. માટે યુધ્ધ થશે જેની અસર આખી દુનિયાના આર્થિક વ્યવહાર પર જોવા મળશે. હાલમાં અમેરિકા, ઈરાન, ઈઝરાયેલ વગેરે દેશો યુધ્ધ માટે તલપાપડ છે. ડોનાલ્ડ ટ્રમ્પના સિંહ લગ્નમાં આ ગ્રહણ ચોક્કસ યુધ્ધ પેદા કરશે. અંગારક યોગમાં થતું ગ્રહણ દુનિયાને દઝાડશે. રશિયા-યુક્રેન યુધ્ધ અટકવાની શક્યતા ઓછી છે. આપણા ભારત દેશના ચોથા સ્થાનમાં થતું ખગ્રાસ ચંદ્રગ્રહણ નવા ફેરફાર સૂચવે છે. સત્તાધારી માટે મુસીબત અને દેશની જનતાની પરેશાનીઓ વધશે. ગ્રહણની અસર દુરોગામી હોય છે અને તેનું નકારાત્મક ફળ જોવા મળતું હોવાથી ચંદ્રગ્રહણ લોકની અને ખાસ કરીને જે સત્તામાં છે તેમની માનસિક સ્થિતિ પ્રજા માટે મુસીબત લાવનાર સાબિત થશે. હવાઈ અકસ્માત વધશે. કમોસમી વરસાદ, હિમવર્ષા, આગ, દરિયાઈ તુફાન, ભૂકંપ, માર્ગ અકસ્માત અને કોઈ નવી બીમારીના સંકેત ચંદ્ર કેતુ આપે છે અને સૂર્ય મંગળ- રાહુ યુધ્ધથી વિનાશના સંકેત આપે છે. આવનાર કમસે કમ ત્રણ માસ દેશ અને દુનિયા માટે વિપરીત અસર કરનાર રહેશે.

# હવે તસ્કરો ચોરી કરવા સ્ત્રીના વેશમાં આવે છે

## રાંદેરની કન્સ્ટ્રક્શન ઓફિસમાં રૂ. 1.70 લાખની ચોરી

સુરતઃ શહેરના રાંદેર વિસ્તારમાં આવેલી કન્સ્ટ્રક્શન વ્યવસાયીની ઓફિસમાં વહેલી સવારે સ્ત્રી વેશમાં આવેલા ત્રણ તસ્કરોએ તોડફોડ કરી લોખંડની તિજોરી ઉચકી રૂ. 1.70 લાખની રોકડ ચોરી કરી છે.

ડભોલી હરી દર્શનના ખાડા ખાતે પ્રિન્સ હેવનમાં રહેતા અને કન્સ્ટ્રક્શનનું કામ કરતાં નિલેષભાઈ ભગવાનભાઈ પટેલની (ઉ.વ. 47) રાંદેર સ્થિત પ્રિન્સ એલીગન્સમાં ઓફિસ આવેલી છે.

ગત તા. 28/02/2026ના રોજ વહેલી સવારે આશરે 02:50 વાગ્યાથી 04:30 વાગ્યા દરમિયાન ત્રણ અજાણ્યાએ તેમની ઓફિસને નિશાન બનાવી હતી. તેમની ઓફિસનો પાછળનો દરવાજો તોડી પ્રવેશેલા તસ્કરોએ ઓફિસમાં રાખેલી લોખંડની તિજોરીને બહાર ખેંચી લઈ જઈ એકબીજાની મદદથી તોડી હતી અને તેમાંથી રોકડા રૂ. 1,70,000ની રોકડ રકમ ચોરી કરી ફરાર થઈ ગયા હતા. સીસીટીવી કેમેરા ચેક કરતાં આ ત્રણેય ચોર સ્ત્રીના વેશમાં આવ્યા હોવાનું પણ બહાર આવ્યું હતું.

સવારમાં ઓફિસ ખોલવા આવતા કર્મચારીઓએ પાછળનો દરવાજો તૂટેલો અને ઓફિસમાં ચીજવસ્તુઓ વિખરાયેલી હાલતમાં જોઈ માલિકને જાણ કરી હતી. ત્યારબાદ નિલેષભાઈ તાત્કાલિક સ્થળ પર પહોંચ્યા હતા અને ચોરીની પુષ્ટિ થતાં રાંદેર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી.પોલીસે સ્થળ પર પહોંચી પંચનામું કરી આસપાસના સીસીટીવી કેમેરાના ફૂટેજ કબજે કર્યા છે.રાંદેર પોલીસે ત્રણેય અજાણ્યા ઈસમો સામે ચોરીનો ગુનો દાખલ કરી વધુ તપાસ હાથ ધરી છે.

ટેક્નિકલ સર્વેલન્સ અને સીસીટીવી ફૂટેજના આધારે આરોપીઓ સુધી પહોંચવા પ્રયાસો હાથ ધરાયા છે.

# પીપલોદમાં ફોન પર વાત કરતાં બીજા માળેથી પટકાયેલા યુવકનું મોત

સુરતઃ પીપલોદમાં બહેન સાથે ફોન પર વાત કરતી વખતે બીજા માળેથી નીચે પટકાતા યુવકનું મોત નીપજ્યું હતું. મૂળ મહેસાણા કડીના વતની, અજયભાઈ વિજયભાઈ ઠાકોર (ઉ.વ.30) હાલ પીપલોદ વિસ્તારમાં આવેલી ટી.એમ પટેલ સ્કૂલની પાસે જૈન દેરાસરના બીજા માળે પત્ની સાથે રહેતો હતો. અજયભાઈ ઘરકામ કરીને પરીવારનું ગુજરાન ચલાવતા હતા. તે દિવ્યાંગ હોવાથી પત્ની કામમાં તેમનો સાથ આપતી હતી. શનિવારે રાત્રે અજયભાઈ તેમની બહેન સાથે બારીના ભાગે બેસીને ફોન પર વાત કરી રહ્યા હતા. ત્યારે તેઓ નીચે પટકાયા હતા. ખાનગી હોસ્પિટલમાં ખસેડતા ફરજ પરના તબીબે અજયભાઈને મૃત જાહેર કર્યા હતા. બનાવને પગલે ઉમરા પોલીસે વધુ તપાસ હાથ ધરી હતી. આ પહેલા પણ આ રીતે જ ફોન પર વાત કરવામાં મશગુલ થઈ ગયેલા લોકો ઊંચાઈ પરથી પટકાયા છે. આવી ઘટનાઓ વારંવાર પોલીસ ચોપડે નોંધાઈ છે.

## અનુસંધાન... પાના પહેલાનું

### પાકિસ્તાનના કરાચીમાં...

ઈસ્લામાબાદમાં રેડ ઝોન સીલ કરી દેવામાં આવ્યો છે અને કલમ 144 લાગુ કરવામાં આવી છે.

અમેરિકી દૂતાવાસે પણ પાકિસ્તાનમાં રહેતા પોતાના નાગરિકો માટે એડવાઈઝરી જારી કરી છે અને તેમને ભીડભાડવાળા વિસ્તારોથી દૂર રહેવા સૂચના આપી છે. શિયા સંગઠનોએ આ વિરોધ પ્રદર્શનો ચાલુ રાખવાની જાહેરાત કરી છે, જેને જોતા સમગ્ર પાકિસ્તાનમાં સુરક્ષા વ્યવસ્થા અત્યંત કડક કરી દેવામાં આવી છે.

### ઈરાનની...

અરેબિયા, જોર્ડન અને યુએઈ (દુબઈ)માં પણ મિસાઈલના ટુકડા પડતા જાનહાનિ અને નુકસાનના અહેવાલો છે. દક્ષિણ ઈરાનમાં એક ગર્લ્સ સ્કૂલ પર થયેલા હુમલામાં 115 લોકોનાં મોતની આશંકા છે, જેની તપાસ ચાલી રહી છે.

### ઇરાનમાં વરિષ્ઠ ધર્મગુરુ...

છે.આયતુલ્લાહ અલીરેઝા અરાફીને આ વચગાળાના નેતૃત્વ પરિષદના ન્યાયશાસ્ત્રી સભ્ય તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે, જે બંધારણીય સૂત્ર હેઠળ ગાર્ડિયન કાઉન્સિલ તરફથી લેવામાં આવેલી ભૂમિકા છે. તેમની નિમણૂક સંક્રમણ દરમિયાન સર્વોચ્ચ નેતાના અધિકારનો ઉપયોગ કરવા માટે જવાબદાર ત્રણ સભ્યોની સંસ્થાને પૂર્ણ કરે છે. આ મિકેનિઝમ હેઠળ, તેઓ રાષ્ટ્રપતિ મસૂદ પેઝેશ્કિયાન અને મુખ્ય ન્યાયાધીશ ગુલામ-હુસેની-એજે'ઈ સાથે સંયુક્ત રીતે દેશનું નેતૃત્વ કરશે. આ ત્રણેય, હવે એકસાથે, સર્વોચ્ચ સત્તા ધરાવે છે જે અગાઉ ફક્ત ખામેની દ્વારા ઉપયોગમાં લેવામાં આવતી હતી કારણ કે ઈરાન અભૂતપૂર્વ નેતૃત્વ સંકટમાંથી પસાર થઈ રહ્યું છે.

### હવાઈ હુમલામાં...

પ્રધાન જનરલ અઝીઝ નાસીરઝાદે આ બેઠકમાં માર્યા ગયા હતા. તેમની સાથે ઈરાનના અર્ધલશ્કરી રિવોલ્યુશનરી ગાર્ડના વડા અને સુરક્ષા સલાહકાર અલી શમખાની પણ હતા, જેમના મૃત્યુની જાહેરાત ઈરાને અગાઉ રવિવારે સવારે કરી હતી.

### ખામેનીને CIA દ્વારા...

**મધ્ય તેહરાનના એક કમ્પાઉન્ડમાં વરિષ્ઠ ઈરાની અધિકારીઓની એક મહત્વપૂર્ણ બેઠક યોજાવાની છે, જેમાં ખામેની હાજરી આપવાના હતા. અખબારે દાવો કર્યો હતો કે, નવી ગુપ્ત માહિતીને પગલે, યુએસ અને ઇઝરાયલી અધિકારીઓએ તકનો લાભ લેવા માટે આયોજિત હુમલાનો સમય બદલ્યો હોવાનું કહેવાય છે. તેમણે રાત પડવાની રાહ જોયા વિના વહેલી સવારે હુમલો શરૂ કરવાનો નિર્ણય લીધો અને તરત જ સૈન્યને કાર્યવાહી કરવાનો આદેશ આપ્યો. અહેવાલમાં જણાવાયું છે કે હુમલાનો ઝડપી અમલ અમેરિકા અને ઇઝરાયલ વચ્ચે ગાઢ સંકલન અને ગુપ્ત માહિતીની આપ-લે દર્શાવે છે.**

### દુબઈ અને શારજાહમાં...

પ્રવાસીઓએ વિસ્ફોટોના વીડિયો શેર કરીને વડા પ્રધાન નરેન્દ્ર મોદીને સુરક્ષિત વાપસી માટે અપીલ કરી છે.

ભારતનું વિદેશ મંત્રાલય દુબઈ વહીવટીતંત્ર સાથે સતત સંપર્કમાં છે અને આંતરરાષ્ટ્રીય સ્થિતિ સામાન્ય થતા જ તમામ ભારતીયોને એરલિફ્ટ કરવાની પ્રક્રિયા શરૂ કરવામાં આવશે.

### ઈરાન સંકટ:...

અને વાટાઘાટોના ટેબલ પર પરત ફરવા તાકીદ કરી છે. તેમણે ચેતવણી આપી છે કે જો સ્થિતિ પર કાબૂ નહીં મેળવાય તો આ સંઘર્ષ નાગરિકો અને પ્રાદેશિક સ્થિરતા માટે ગંભીર પરિણામો લાવશે. ગુટેરેસે અમેરિકા-ઈઝરાયેલના હુમલાને આંતરરાષ્ટ્રીય કાયદાનું ઉલ્લંઘન ગણાવ્યું હતું, સાથે જ ઈરાન દ્વારા કરવામાં આવેલા વળતા હુમલાઓની પણ ટીકા કરી હતી.

બ્રિટેન, ફ્રાન્સ અને જર્મનીના નેતાઓએ સંયુક્ત નિવેદનમાં અમેરિકા અને ઈરાનને વિવાદનો શાંતિપૂર્ણ ઉકેલ લાવવા વિનંતી કરી છે. બીજી તરફ, ઓમાનના અખાતમાં તેલના ટેન્કર પર હુમલો થતા ઉર્જા પુરવઠા સામે જોખમ ઊભું થયું છે.

ઓસ્ટ્રેલિયા અને કેનેડાએ અમેરિકાના હુમલાને સમર્થન આપ્યું છે, જ્યારે રશિયા અને ચીને આ કાર્યવાહીની કડક ટીકા કરી છે. જોકે, વિશ્વના અનેક શહેરોમાં ઈરાની પ્રવાસીઓ દ્વારા ખામેનીના શાસનનો અંત આવતા ઉજવણીના દ્રશ્યો પણ જોવા મળ્યા છે.

### ઈરાનના સાર્વભૌમત્વનું...

વિદેશ મંત્રી સર્ગેઈ લાવરોવ સાથે ફોન પર ચર્ચા કરતા જણાવ્યું હતું કે, વાટાઘાટો ચાલુ હોવા છતાં કોઈ દેશના સર્વોચ્ચ નેતાની હત્યા કરવી અને સરકાર બદલવા માટે ઉશ્કેરણી કરવી તે સ્વીકાર્ય નથી. ચીને ચેતવણી આપી છે કે આ સંઘર્ષ મધ્ય પૂર્વને ખતરનાક ઊંડાણમાં ધકેલી શકે છે. રશિયા અને ચીન યુએન તથા શંઘાઈ કોઓપરેશન ઓર્ગેનાઈઝેશન (એસસીઓ) જેવા મંચોથી આ મામલે સ્પષ્ટ સંદેશ મોકલવા સંમત થયા છે.

**વડોદરા મહાનગરપાલિકા**

**હોળીના તહેવાર નિમિતે જાહેર જનતાને નમ્ર અપીલ**

વડોદરા શહેરમાં હોળીના તહેવાર નિમિતે વિવિધ સ્થળોએ જાહેર રસ્તાઓના જંકશન ઉપર તથા સોસાયટીઓના આંતરિક માર્ગ ઉપર પવિત્ર હોળી પ્રગટાવવામાં આવે છે. સામાન્ય રીતે પવિત્ર હોળી આવા જાહેર માર્ગો ઉપર સીધા ડામર રોડ ઉપર લાકડા, ઘાસ, છાણા વિગેરે એકઠા કરી હોળી પ્રગટાવવાથી હોળીની જવાળાની સીધી ગરમીના કારણે રસ્તાઓના ડામર પીગળી જવાથી રસ્તાઓના જંકશન તૂટી જાય છે અને જેને કારણે આવા જંકશનોની મરામત પાછળ બિનજરૂરી ખર્ચ થાય છે તેમજ જાહેર જનતાને અગવડ ઉપસ્થિત થાય છે.

આથી જાહેર જનતાને જાહેર હિતમાં અપીલ કરવામાં આવે છે કે હોળી પ્રગટાવવાના સ્થળે પ્રથમ ડામર રસ્તા ઉપર છાણ-માટીનુ જાડુ લીંપણ કરવામાં આવે, તથા તેની ઉપર ઇંટ અથવા રેતી-માટીનુ થર પાથર્યા બાદ હોળી પ્રગટાવવામાં આવે તો જાહેર માર્ગોને થતુ નુકશાન મહદ્અંશે નિવારી શકાય તેમ છે. જેથી વડોદરા શહેરની ધર્મપ્રિય તથા તહેવારપ્રિય જનતાને ઉપરોક્ત મુજબની હોળી પ્રગટાવવા નમ્ર વિનંતી તથા જાહેર અપીલ કરવામાં આવે છે.

પી.આર.ઓ.નં.૧૨૫૧/૨૦૨૫-૨૬ કા.ઈ., રોડ શાખા

**આધાર હાઉસિંગ ફાઈનાન્સ લિમિટેડ**

Aadhar Housing Finance Ltd

કોર્પોરેટ ઓફિસ: યુનિટ નં. ૮૦૨, નટરાજ રુસ્તમજી, વેસ્ટર્ન એક્સપ્રેસ હાઈવે અને એમ.વી. રોડ, અંધેરી (પૂર્વ), મુંબઈ-૪૦૦૦૬૯
વડોદરા બ્રાન્ચ: યુનિટ નં. એસએફ-૨૦૧, બીજો માળ, સિલ્વર ફોર્ચ્યુન બિલ્ડિંગ, જૈન મંદિર પાસે, અકોટા કાઉ સર્કલ રોડ, અકોટા, વડોદરા, ગુજરાત ૩૯૦૦૨૦
અધિકૃત અધિકારી: અમિતકુમાર સોની, મોબાઈલ નં. ૯૯૧૩૩૩૩૨૧૪

**સરફેસી એક્ટ, ૨૦૦૨ની જોગવાઈઓ હેઠળ પ્રાઇવેટ ટ્રીટી દ્વારા મિલકતના વેચાણ માટેની નોટિસ**

આથી જાણ કરવામાં આવે છે કે આધાર હાઉસિંગ ફાઈનાન્સ લિમિટેડ (AHFL)ના અધિકૃત અધિકારીએ સિક્યોરિટાઈઝેશન એન્ડ રિકન્સ્ટ્રક્શન ઓફ ફાયનાન્સિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યુરિટી ઈન્ટરેસ્ટ એક્ટ, ૨૦૦૨ની કલમ ૧૩(૪) હેઠળ સુરક્ષિત મિલકતનો કબજો લીધો છે. અધિકૃત અધિકારીએ અગાઉ ઈ-ઓક્શન નોટિસ બહાર પાડી હતી, પરંતુ કોઈ સફળ બોલી લગાવનાર મળ્યા ન હતા, તેથી હવે આ સુરક્ષિત મિલકતને પ્રાઇવેટ ટ્રીટી દ્વારા વેચવાનો નિર્ણય લીધો છે. અધિકૃત અધિકારીને આ સંદર્ભમાં સુરક્ષિત મિલકત ખરીદવા માટે કેટલાક રસ ધરાવતા વ્યક્તિઓ તરફથી ઓફર મળી છે. અધિકૃત અધિકારી આથી સિક્યોરિટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ ૨૦૦૨ના નિયમ ૮ અને ૯ મુજબ પ્રાઇવેટ ટ્રીટી દ્વારા ઉપર જણાવેલ મિલકતના વેચાણ માટે સામાન્ય જનતા અને લેણદારોને આ નોટિસ આપી રહ્યા છે. ખાતાની વિગતો નીચે મુજબ છે:

| ક્રમ નં. | લોન કોડ નં./ બ્રાન્ચ | લેણદાર/ સહ-લેણદારનું નામ | ડિમાન્ડ નોટિસ તારીખ અને રકમ | અનામત કિંમત (RP) | ૦૪-૦૧-૨૦૨૬ સુધીની કુલ બાકી લોન રકમ | ગીરે મુકેલી મિલકતની વિગત |
|---|---|---|---|---|---|---|
| 1 | (લોન કોડ નં. ૦૩૮૧૦૦૦૦૪૮૫ / વડોદરા બ્રાન્ચ) | શ્રીચંદ્રભાન ગઢવી (લેણદાર) કુવરબેન ગઢવી (સહ-લેણદાર) | 10-07-2025 & ₹ 12,80,585/- | ₹ 10,00,000/- | ₹ 13,96,904/- | સુરક્ષિત મિલકતનું વર્ણન: મિલકતના તમામ ટુકડા અને પાર્સલ ગ્રાઉન્ડ ફ્લોર (GF) અને ફર્સ્ટ ફ્લોર (FF) ઘનશ્યામ પાર્ક, સાવલી રોડ, પ્લોટ નં. ૨, સાવલી, વડોદરા, ગુજરાત ૩૯૦૦૧૨ ખાતે આવેલી મિલકત. સીમાઓ: પૂર્વ - કોમન રોડ, પશ્ચિમ - પ્લોટ નં. ૦૧, ઉત્તર - પબ્લિક રોડ, દક્ષિણ - પ્લોટ નં. ૦૩. |

આ સરફેસી એક્ટ, ૨૦૦૨ હેઠળની ૧૫ દિવસની વેચાણ નોટિસ છે, જે લેણદાર(ઓ), સહ-લેણદાર(ઓ) અને જામીનદાર(ઓ) ને આપવામાં આવે છે. ઉપર વર્ણવેલ સ્થાવર મિલકત, જેનો ભૌતિક કબજો અધિકૃત અધિકારીએ લીધેલ છે, તે આધાર હાઉસિંગ ફાઈનાન્સ લિમિટેડના લેણાંની વસૂલાત માટે "જ્યાં છે ત્યાં", "જેવી છે તેવી", અને "જે કંઈ પણ છે તે"ના ધોરણે પ્રાઇવેટ ટ્રીટી દ્વારા વેચવામાં આવશે.
જો લેણદાર(ઓ) કે સહ-લેણદાર(ઓ) પાસે કોઈ એવો ખરીદદાર હોય જે આપેલ અનામત કિંમતથી વધુ કિંમતે મિલકત ખરીદવા તૈયાર હોય, તો લેણદાર(ઓ)એ AHFL ને ૨૩-૦૩-૨૦૨૬ના એક દિવસ પહેલા જાણ કરવી આવશ્યક છે, જેથી AHFL તેમને અગ્રતા આપી શકે. જો લેણદાર(ઓ), સહ-લેણદાર(ઓ) ૨૩-૦૩-૨૦૨૬ના એક દિવસ પહેલા જાણ કરવામાં નિષ્ફળ જશે તો AHFL ઉપર જણાવેલ અનામત કિંમતે મિલકતના વેચાણની પ્રક્રિયા આગળ વધારશે.
મિલકત તમામ અસ્તિત્વમાં રહેલા અને ભવિષ્યના બોજા સાથે વેચવામાં આવી રહી છે, પછી તે AHFL માટે જાણીતા હોય કે અજાણ્યા. અધિકૃત અધિકારી/સુરક્ષિત લેણદાર કોઈપણ ત્રીજા પક્ષના દાવાઓ/હકો/લેણાં માટે કોઈ પણ રીતે જવાબદાર રહેશે નહીં. ખરીદદારે મિલકત (પ્રાઇવેટ ટ્રીટી દ્વારા વેચાણ હેઠળ) સંબંધિત તમામ પાસાઓ પર પોતાની સંતોષકારક યોગ્ય તપાસ કરવી જોઈએ. ખરીદદાર આ અંગે પાછળથી અધિકૃત અધિકારી/સુરક્ષિત લેણદાર વિરુદ્ધ કોઈ દાવો કરવાનો હકદાર રહેશે નહીં.
વેચાણની નક્કી કરેલી તારીખ: ૨૩-૦૩-૨૦૨૬.

સ્થળ: ગુજરાત (અધિકૃત અધિકારી)
તારીખ: ૦૨-૦૩-૨૦૨૬ ફોર આધાર હાઉસિંગ ફાઈનાન્સ લિમિટેડ

# દાદા-દાદી ઉપર પુત્ર-પુત્રવધુ સાથે પૌત્રનો પણ અત્યાચાર

## \S - દાદા-દાદીને ન્યાય માટે મેઇન્ટેનન્સ ટ્રિબ્યુનલનો દરવાજો ખખડાવવો પડયો - વૃદ્ધાવસ્થામાં સંતાન નહીં, કાયદો બન્યો સહારો, માસિક 5 હજાર ચૂકવવા હુકમ

સુરતઃ સામાન્ય રીતે સમાજમાં પુત્ર-પુત્રવધુ કરતાં પૌત્ર દાદા-દાદીનો લાડકો અને સૌથી નજીકનો લાગણી સભર સંબંધ હોય છે. પરંતુ ક્રિશ્યન સમાજના એક પરિવારમાં જૈફ વયે પહોંચેલા વયોવૃદ્ધ દંપતીને આજે ન્યાય માટે Maintenance and Welfare of Parents and Senior Citizens Act, 2007 હેઠળ દાદ માંગવી પડી છે.

મેઈન્ટેનન્સ ટ્રીબ્યુનલ અને સબ ડીવીઝનલ મેજિસ્ટ્રેટ, સિટી પ્રાંત સમક્ષ રજૂ થયેલાં આ કેસની વિગત એવી છે કે અડાજણ જયરણછોડ કોમ્પલેક્સમાં રહેતાં આઈવન ઈમેન્યુઅલ રાઠોડ (ઉ.વ. ૭૫) અને ફેનીબેન આઈવન રાઠોડ (ઉ.વ.૭૪) એ તાલુકા કાનૂની સેવા સમિતિ હેઠળ એડવોકેટ મયુર આર. પટેલ મારફતે પોતાના પુત્ર ફ્રાન્ઝ આઈવન રાઠોડ, પુત્રવધુ સ્તુકુબા ફ્રાન્ઝ રાઠોડ અને પૌત્ર સ્માર્ક ફ્રાન્ઝ રાઠોડ વિરુદ્ધ કરેલી ફરિયાદમાં જણાવ્યું હતું કે પોતાની જીવનભરની બચતમાંથી ખરીદેલી મિલકતમાં તેમના પુત્ર-પુત્રવધુ તથા પૌત્ર બળજબરીપૂર્વક રહે છે અને વયોવૃદ્ધ દંપતીની સુરક્ષા, શાંતિ અને આરોગ્ય માટે જોખમ ઊભું કરી રહ્યા હતા. વધુમાં તેઓ કોઈપણ પ્રકારનું ભરણપોષણ કે સાર સંભાળ રાખતા ન હતા.

પુત્ર, પુત્રવધૂ તથા પૌત્ર સાથે મળીને આ વયોવૃદ્ધ દંપતિ સાથે દુર્વ્યવહાર તથા શારીરીક-માનસિક ત્રાસ આપી અપમાન કરે છે તથા ઘરમાંથી કાઢવાનો પ્રયાસ કરી મિલકત પર બળજબરીથી કબજો જમાવવા ઈચ્છે છે.

આ કેસમાં લીગલ એડ મારફતે એડવોકેટ મયુર આર. પટેલે દસ્તાવેજી પુરાવા, અગાઉ થયેલા કોર્ટના હુકમો અને કાયદાકીય જોગવાઈઓના આધારે દલીલો રજૂ કરી હતી.

જ્યારે સામાપક્ષે આરોપોને નકારવામાં આવ્યાં હતા. આ કેસમાં મેઈન્ટેનન્સ ટ્રીબ્યુનલ અને સબ ડિવિઝનલ મેજિસ્ટ્રેટ સિટી પ્રાંતે ફરિયાદીની અરજી અંશતઃ ગ્રાહ્ય રાખી ધી મેઈન્ટેનન્સ એન્ડ વેલ્ફેર ઓફ પેરેન્ટ્સ એન્ડ સીનીયર સીટીઝન એક્ટ-૨૦૦૭ ની કલમ ૯(૨) અને ગુજરાત માતા પિતા અને વરિષ્ઠ નાગરિકોનાં નિભાવ અને કલ્યાણ માટેનાં નિયમો ૨૦૧૧ નાં નિયમ ૩૧ હેઠળ સામાવાળા પિતા પુત્ર દ્વારા અલગ અલગ રૂ.૨૫૦૦ મળી રૂ. ૫૦૦૦ ફરિયાદીને માસિક ધોરણે ચૂકવવાનો હુકમ કર્યો હતો. એડવોકેટ મયુર આર. પટેલે જણાવ્યું હતું કે વરિષ્ઠ નાગરિકો સામે થતા અન્યાય સામે કાયદો મજબૂત રીતે તેમની સાથે છે અને જરૂર પડે ત્યારે વરિષ્ઠ નાગરિકો લીગલ એડ દ્વારા મફત કાનૂની સહાય મેળવી શકે છે.

# આણંદથી બાઈક પર આવી સુરતમાં સ્નેચિંગ કરતો રીઢો ઝડપાયો

## અમદાવાદમાં પણ રાહદારીઓ, વાહનચાલકો, સવારે વોકિંગમાં નીકળતા લોકોને ટાર્ગેટ કરતો

સુરતઃ જેલમાંથી છૂટ્યા પછી માણસ સુધરે એવી અપેક્ષા રખાય છે, પણ મહાવીરસિંહ ચૌહાણ માટે જેલ માત્ર એક 'બ્રેક' સમાન હતી. સુરત અને અમદાવાદના માર્ગો પર તરખાટ મચાવનાર આ રીઢા ગુનેગારને સુરત ક્રાઈમ બ્રાન્ચે આખરે દબોચી લીધો છે. ક્રાઈમ બ્રાન્ચને મળેલી ચોક્કસ બાતમીના આધારે હાથ ધરાયેલા ઓપરેશનમાં ૨૫ વર્ષીય આરોપી મહાવીરસિંહ ચૌહાણ (રહે., મહિયારી, તા. તારાપુર, જિ. આણંદ) પોલીસના સકંજામાં આવ્યો હતો. આરોપીની પ્રાથમિક પૂછપરછમાં ચોંકાવનારી વિગતો સામે આવી છે. મહાવીરસિંહ તેના સાથીદાર અશોક ઉર્ફે નિકુંજ ઉર્ફે મિતેષ રામજીભાઈ બેલદાર સાથે મળીને લાંબા સમયથી રાજ્યના અલગ-અલગ શહેરોમાં ગુનાઓ આચરતો હતો. વર્ષ ૨૦૨૫માં જ ચેઈન સ્નેચિંગના ગુનામાં સુરત જેલમાંથી મુક્ત થયા બાદ તેણે ફરી ગુનાખોરીનો માર્ગ પકડ્યો હતો. આરોપીની મોડસ ઓપરેન્ડી અંગે માહિતી આપતા પોલીસે જણાવ્યું હતું કે, મહાવીરસિંહ અને તેનો મિત્ર અશોક આણંદથી બાઈક પર સવાર થઈ સુરત અને અમદાવાદ જેવા મોટા શહેરોમાં આવતા હતા. અહીં તેઓ રાહદારીઓ, વાહનચાલકો અથવા સવારે વોકિંગમાં નીકળતા પુરૂષો અને મહિલાઓને ટાર્ગેટ કરી પલકવારમાં સોનાની ચેઈન ઝૂંટવી ફરાર થઈ જતા હતા. પકડાયેલા આરોપી મહાવીરસિંહનો ગુનાહિત ઈતિહાસ ઘણો લાંબો છે. તેની વિરુદ્ધ અગાઉ ગાંધીનગર, ઊંઝા, ખંભાત, તારાપુર સહિત સુરતના ઉમરા, ખટોદરા, અડાજણ અને ઉત્રાણ પોલીસ સ્ટેશનોમાં કુલ ૧૫ જેટલા ગંભીર ગુનાઓ નોંધાઈ ચૂક્યા છે. હાલ પોલીસે આરોપીની વધુ પૂછપરછ હાથ ધરી છે, જેમાં તેના સાથીદારની શોધખોળ અને અન્ય વણઉકેલાયેલા ગુનાઓ બહાર આવવાની શક્યતા છે. તેનો સાથીદાર અશોક ઉર્ફે 'નીકલો' હજુ પણ પોલીસ રડારમાં છે.

# ફોન પર વાત કરતાં પટકાવવાના બે બનાવમાં બેનાં મોત

સુરતઃ પાંડેસરામાં ફોન પર વાત કરતાં પહેલા માળેથી નીચે પટકાતા શ્રમિકનું મોત નીપજ્યું હતું. મૂળ મધ્યપ્રદેશના વતની લોકનાથ યાદવ (ઉં.વ.34) હાલ પાંડેસરા બમરોલી રોડ પર આવેલા અમૃતનગરમાં રહેતો હતો શનિવારે રાત્રે તે ફોન પર વાત કરતી વખતે પહેલા માળેથી નીચે પટકાયો હતો. તેને હોસ્પિટલમાં ખસેડાતાં તેને મૃત જાહેર કરાયો હતો. મૂળ મહેસાણાના કડીના અને હાલ પીપલોદમાં રહેતા અજયભાઈ ઠાકોર (ઉં.વ.30) શનિવારે રાત્રે અજયભાઈ તેમની બહેન સાથે બારીના ભાગે બેસીને ફોન પર વાત કરી રહ્યા હતા. ત્યારે તેઓ નીચે પટકાયા હતા. ખાનગી હોસ્પિટલમાં ખસેડતા ફરજ પરના તબીબે અજયભાઈને મૃત જાહેર કર્યા હતા.